
For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in







વડોદરાના ફાર્મ હાઉસો અને ખાનગી પાર્ટી પ્લોટો અગાઉથી જ 31મી ડિસેમ્બરની ઉજવણી માટે બુક થઇ ગયા હતા. શહેર નજીક આવેલા ફાર્મ હાઉસ-પાર્ટી પ્લોટોમાં નવા વર્ષની ઉજવણીનું ખાસ પ્રકારે આયોજન કરવામાં આવ્યું હતું. એક ફાર્મ હાઉસમાંતો ઈન્ટરનેશનલ ડીજે આર.જેના તાલે પાર્ટી યોજાઈ હતી. જેમાં યુવાધન ડીજે ના તાલે મન મૂકીને ઝૂમી ઉઠ્યું હતું. રાત્રીના 12 ના ટકોરે નવયુવાન યુવતીઓએ અનોખી રીતે નવા વર્ષ 2025ના વધામણાં કર્યા હતા. **(તસવીર : રણજીત સૂર્વે)**

### પોલીસ દ્વારા રાત્રીના સમયે સઘન વાહન ચેકિંગ કરતા ડ્રિન્ક એન્ડ ડ્રાઇવના 68 કેસ

# થર્ટી ફર્સ્ટની પાર્ટી કરનાર 115 પીધેલા પકડાયા, 788 વાહનો ડિટેન કરાયા

**પોલીસનો** એક્શાન પ્લાન સફળ કોઇ અનિચ્છનીય બનાવ ના બન્યો, 788 વાહનો ડિટેઇન કરાયાં

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા શહેરમાં 31 ડિસેમ્બરની ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવતી હોય છે. ત્યારે આ પ્રસંગ દરમિયાન કોઈ અનિચ્છનયી બનાવ ના બને તેના માટે પોલીસ કમિશનર દ્વારા તમામ તૈયારીઓ સાથે એક્શન પ્લાન તૈયાર કર્યો હતો. જે સફળ થયો છે. પરંતુ આ પ્રસંગે પોલીસે વિવિધ વિસ્તારમાંથી 115 જેટલા પીધેલા પકડાયા છે. જ્યારે ડ્રાઈવર દરમિયાન 10184 વાહનો ચેક કરવામાં આવ્યા હતા. 788 વાહનો ડીટેન કરાયા છે. બીજી તરફ ડ્રિન્ક એન્ડ ડ્રાઈવના 68 કેસ અને શંકાસ્પદ નંબર વાળા અને નંબર પ્લેટ વગરના 515 વાહનોનું ચેકિંગ હાથ ધરાયું હતું.

વડોદરા શહેરમાં 31 ડિસેમ્બરની નગરજનો દ્વારા ભારે ધામધૂમથી ઉજવણી કરાતી હોય છે. વર્ષ 2024 આખરી દિવસને વિદાય ઉત્સાહ સાથે અપવા માટે વિવિધ હોટલ, રેસ્ટોરન્ટ, ફાર્મા હાઉસ સહિતના વિવધ જગ્યા પર ડીજે સહિતના પાર્ટીઓનું આયોજન પણ કરાયા હતા. ત્યારે આ 31 ડિસેમ્બરની ઉજવણીન લઈને કોઈ અનિચ્છનીય બનાવ ના બને તથા શહેરમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેના માટો પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર તથા જોઈન્ટ પોલીસ કમિશનર ડો. લીના પાટિલ દ્વારા એક્શન પ્લાન બનાવવા સાથે એસઓજી, પીસીબી, એલસીબી અને ક્રાઇમ બ્રાન્ચ સહિત સ્થાનિક પોલીસની વિવિધ ટીમોમાંથી 2 હજાર ઉપરાંત કર્મચારીઓ અને અધિકારીઓને રાઉન્ડ ધી ક્લોક વાહન ચેકિંગ તથા પેટ્રોલિંગ કરવા માટેની જવાબાદરી સોંપી દેવામાં આવી હતી અને ખુદ પોલીસ કમિશનર તથા ડીસીપીઓ પણ 31 ડિસેમ્બરના રોજ રાત્રીના સમયે રોડ પર ફરજ બજાવતા જોવા મળ્યા હતા.પોલીસ લાખ કોશિશ કરી કરી હતી કે શહેરમાં રેવ કે અન્ય પાર્ટીઓ ન થાય તેમ છતાં કેટલાક નશેડીઓ દારૂનો નશો કરીને પાર્ટીની મજા માણી હતી. ત્યારે પોલીસ દ્વારા આ નશો કરીને પરતા તથા પાર્ટી કરતા હોય 115 લોકોને ઝડપી પાડવામાં આવ્યા હતા. બીજી તરફ નશો કરી હાલતમાં કાર સહિતના મળીને વાહનો 10184 વાહનો ચેક કરવામાં આવ્યા હતા. ત્યારે ઝડપાયેલા પીધેલાઓ સામે પોલીસ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.



#### સૌથી વધુ પીધેલા 10 સમા પોલીસ સ્ટેશનમાં પકડાયાં

વડોદરા શહેરમાં વિવિધ વિસ્તારમાં છુપી રીતે દેશી તથા વિદેશી દારૂનું વેચાણ થઇ રહ્યુ છે. બીજી તરફ કરીયર અને પડેલરો દ્વારા પણ ગાંજા અને એમડી સહિતના નશીલા પદાર્થનું પણ વેચાણ કરવામાં આવી છે. ત્યારે 31 ડિસેમ્બ્ર દરમિયાન માત્ર સમા પોલીસ સ્ટેશનમાં 10 નશેડી ઝડપાયા છે. ત્યારબાદ કપુરાઇ પોલીસ સ્ટેશનમાં 8 પીધેલાના કેસ કરવામાં આવ્યા છે. તેવી જ રીતે ડ્રિન્ક ડ્રાઇવના 68 કેસ, શંકાસ્પદ નંબરવાળા તેમજ 788 વાહનો ડિટેઇન કરાયા છે.

## ફતેગંજમાં લોકોની ભીડ ઉમટી, 12ના ટકોરે વર્ષ 2025ને ઉમળકાભેર આવકાર્યું

**નવા** વર્ષનું ઉમળકાભેર સ્વાગત, પોલીસ કમિશનર લોકો વચ્ચે પહોંચ્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.1

વડોદરા શહેરમાં વર્ષ 2024 ને બાય બાય અને નવા વર્ષ 2025 ને વેલકમ કરવા માટે વડોદરા શહેરના જાહેર માર્ગો ઉપર નગરજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. તો વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર પણ ફતેગંજમાં લોકો વચ્ચે પહોંચ્યા હતા. જ્યાં સમગ્ર પરિસ્થિતિનું નિરીક્ષણ કર્યું હતું તેમજ લોકો સાથે વાતચીત કરી નગરજનોને નવ વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

ઉત્સવ પ્રિય નગરી વડોદરા શહેરમાં નવ વર્ષ 2025 ના અનોખી રીતે વધામણા કરવામાં આવ્યા હતા. રાત્રે બહારના ટકોરે શહેરના ફતેગંજ વિસ્તારમાં લોકો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. મોટી સંખ્યામાં ઉમટેલી લોકોની ભીડના કારણે એક અનોખો માહોલ જોવા મળ્યો હતો. ત્યારે આ વચ્ચે કોઈ અનિચ્છનીય ઘટના ન ઘટે તે માટે પણ પોલીસ તંત્ર સજ્જ બન્યું હતું. ત્યારે, વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમાર પણ ફતેગંજ વિસ્તારમાં લોકો વચ્ચે પહોંચ્યા હતા. જ્યાં લોકો સાથે વાતચીત પણ કરી હતી. વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જણાવ્યું હતું કે, જે નવા વર્ષની ઉજવણી માટે વડોદરા શહેરના લોકો ખૂબ મોટી સંખ્યામાં પોતપોતાના ઘરે તેમના પ્રાંગણમાં સમુદાયના જે કોમન પ્લોટોમાં, બાગ બગીચાઓમાં ભેગા થયા છે. તો એમનું સેલિબ્રેશન શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટેનું સમગ્ર આયોજન છે. આજે આપણે ફતેગંજમાં પણ વિઝીટ કરી છે. લોકો ખૂબ જ ઉત્સાહથી ખૂબ એક્સાઈટમેન્ટ સાથે નવા વર્ષના સ્વાગત કરવા માટે અહીંયા ઊભા છે. અને આમાં બાળકો સ્ત્રી પુરુષો વરિષ્ઠ નાગરિક બધાનો સમાવેશ થાય છે. હું માનું છું કે, આખું શહેર એક સેલિબ્રિટી મૂડમાં છે, તો દરેકને પોલીસ વિભાગ તરફથી મારા વ્યક્તિગત રીતે નવા વર્ષની ખુબ ખુબ શુભકામનાઓ અને આવતું વર્ષ નગરવાસીઓને દરેકને સુખ સમૃદ્ધિ અને સંપદા આવે અને વડોદરા શહેરની જે સંસ્કારી નગરી તરીકેની જે ઓળખ છે. આ કાયમ બની રહે અને એક મેટ્રોપોલિટન સીટી એમની બ્રાન્ડ ઈમેજ એ સ્ટ્રોંગ બનીને ઉભરી આવે એવો એક સંદેશો આપું છું. નવભારત જે ઓલ ઓવર પ્રાઈમ મિનિસ્ટર ઓફ ઈન્ડિયા ના જે એક વિઝન છે. એક ભારત શ્રેષ્ઠ ભારત ના રાષ્ટ્ર નિર્માણની કામગીરીમાં યુવાઓનું યોગદાન અતિ મહત્વપૂર્ણ રહ્યું છે. એમના પ્રોફેશનલ કેરિયર અને એ દેશને કોન્ટ્રબ્યુટ કરે છે. એ આજની જનતા જે સંકલ્પ સાથે નીકળે છે આના ઉપર નિર્ભર છે.

### સરકારી અનાજ સિવાય અન્ય પદાર્થ વેચાણ કરતા કાર્યવાહી

# અંબિકા પ્રોવિઝન સ્ટોરમાં પુરવઠા વિભાગનું ચેકીંગ : 72 લીટર ટર્પેન્ટાઈનનો જથ્થો જપ્ત

**તૈયાર** કરેલા રીપોર્ટના આધારે જિલ્લા પુરવઠા અધિકારી આગળની કાર્યવાહી કરશે





(પ્રતિનિધિ) વડોદરા,તા.1

અકોટા વિસ્તારમાં પોલીસ લાઈન પાસે આવેલી સરકારી સસ્તા અનાજની દુકાન અંબિકા પ્રોવિઝન સ્ટોરમાં પુરવઠા વિભાગના અધિકારીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં 72 લીટર જેટલા ટર્પેન્ટાઈનના જથ્થાને સિઝ કરાયું હતું. અધિકારી દ્વારા વેપારીનો જવાબ લઈને રીપોર્ટ સબમીટ કરવાની કાર્યવાહી કરાઈ હતી. દુકાનદાર સામે શું પગલાં ભરવા તેનો નિર્ણય ઉચ્ચ અધિકારીઓ દ્વારા લેવાશે.

અકોટા વિસ્તારમાં સસ્તા અનાજની દુકાનમાં અન્ય પદાર્થોનું વેચાણ ચાલતું હોવાની બાતમી ઉચ્ચ અધિકારીને મળતા સ્થળ પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં પ્રથમ શંકાસ્પદ પ્રવાહી મળી આવ્યું હતું. જોકે, દુકાનદારના કહેવા મુજબ પ્રવાહી ટર્પેન્ટાઇન છે. જેનો ઉપયોગ કલરકામમાં કરવામાં આવે છે. અધિકારીઓ દ્વારા જથ્થો જપ્ત કરીને , દુકાનદારનો જવાબ લઈને આગળની કાર્યવાહી કરવામાં આવી હતી. તૈયાર કરેલા રીપોર્ટના આધારે જિલ્લા પુરવઠા અધિકારી આગળની કાર્યવાહી કરશે. પુરવઠા વિભાગના સપ્લાય ઓફિસર ઈન્સ્પેક્ટર પ્રિયાંક પટેલે જણાવ્યું કે,અકોટા વિસ્તારમાં પોલીસ લાઇનની સામે સરકારી વ્યાજબી ભાવની દુકાન આવેલી છે. જેના સંચાલક ભરતભાઇ પ્રજાપતિ છે. આ દુકાન અંગેની બાતમી ઉચ્ચ અધિકારીને આપવામાં આવી હતી. જેના આધારે અમારી ટીમ આવી છે. તેમની દુકાનેથી તેમના કહેવા મુજબ ટર્પેન્ટાઇન પ્રવાહી જપ્ત કરવામાં આવ્યું છે. જેનો ઉપયોગ કલરકામમાં થાય છે. તેઓ છુટક ભાવે લઈને છુટક ભાવે તેનું વેચાણ કરે છે. બે કારબા ભરીને 70 કિલો તથા અન્ય છુટક પ્રવાહી અમને મળ્યું છે. અમે દુકાનમાં તપાસ કરીને દુકાનદારનો જવાબ લીધો છે. હાલ પ્રવાહીને જપ્ત કરવામાં આવ્યું છે. રીપોર્ટના આધારે વધુ કાર્યવાહી કરવામાં આવશે. કાયદાની જોગવાઈ અનુસાર, આ દુકાન સરકાર દ્વારા નિર્ધારીત વ્યાજબી ભાવની દુકાન છે. અનાજનું વિતરણ કરવા માટે તેમને લાયસન્સ આપવામાં આવે છે અને તેના બદલામાં તેમને કમિશન ચુકવવામાં આવે છે. આ જથ્થાને અમે જમા કરીને યોગ્ય જગ્યાએ મુકી દઈશું.

### 20 વર્ષથી કામ કરતા 350 થી વધુ ડ્રાઇવરોમાં ભારે રોષ

# પાલિકામાં વ્હીકલ પૂલના ડ્રાઈવરો માટે નવી ગાઈડલાઈન, દસમું પાસ જરૂરી



**કર્મચારીઓએ** ચાવી ઓફિસે જમા કરાવી હડતાળની ચીમકી ઉચ્ચારી

(પ્રતિનિધિ) વડોદરા તા.1

વડોદરા મહાનગરપાલિકાના વ્હીકલ પૂલ ખાતે કોન્ટ્રાક્ટ પર ફરજ બજાવતા 350 થી વધુ જેટલા ડ્રાઈવરને કહેવામાં આવ્યું કે જે દસ પાસ હોય એજ ગાડી લઈને નીકળશે બાકીનાને ગાડી નહિ ચલાવવાનું જણાવતા આજે વીજળીક હડતાળ ઉપર ઉતરી ગયા હતા. તમામ કર્મચારીઓએ એક સાથે વાહનોની ચાવીઓ કોન્ટ્રાક્ટરની ઓફિસમાં જમા કરાવી દેતા કોર્પોરેશનના તમામ વાહનોના પૈંડા થંભી ગયા હતા. કર્મચારીઓ હડતાળ પર ઉતરી જતાં કોન્ટ્રાક્ટ સુપરવાઈઝરે વહેલી તકે કર્મચારીઓનો પ્રશ્ન હલ કરવાની હૈયાધારણ આપી છે.

વડોદરા મહાનગરપાલિકાના ભૂતડીઝાંપા ખાતે આવેલા વ્હીકલ પુલમાં વર્ષોથી કોર્પોરેશનના વાહનો ચલાવી રહેલા ડ્રાઈવરોને દસ પાસ હોય એજ ગાડી ચલાવી શકશે એમ કોન્ટ્રાકટર દ્વારા કહેવામાં આવતા કર્મચારીઓએ વાહનોની ચાવી કોન્ટ્રાક્ટરની ઓફિસમાં જમા કરાવી દઈ હડતાળ ઉપર ઉતરી ગયા હતા. કર્મચારીઓ હડતાળ પર ઉતરી જતા કામગીરી ઠપ થઈ ગઈ હતી. હડતાળ પડતા જ કોન્ટ્રાક્ટ કંપનીના સુપરવાઈઝર દોડી આવ્યા હતા અને કર્મચારીઓની રજૂઆત સાંભળી પ્રશ્નોનું નિરાકરણ લાવવાની હૈયાધારણા આપી હતી.

ડ્રાઈવરો નું કહેવું છે તમને 10 પાસ હોય તે જ ગાડી ચલાવી શકશે. 350 થી વધુ ડ્રાઈવરો જેની અંદર 10 થી 15 ટકા જ ડ્રાઈવરો 10 પાસ હશે. ત્યારે ફરમાન આવ્યું છે 10 પાસ હોય એણે જ ગાડી ચલાવવી. એનો મતલબ 10 થી 15% ને છોડી બાકી રહેલાને છુટા કરી દેવામાં આવશે. જો એવું શક્ય થાય તો 80% લોકો બેરોજગાર થઈ જાય . હવે પાછલા 20 થી 21 વર્ષથી અહીંયા આગળ ડ્રાઈવરની નોકરી કરી રહ્યા છે. આની અંદર જરૂરી નથી કે ભણતર હોય, આવડત અને અનુભવની બહુ જરૂર છે . માટે આ નિયમ પાછો લેવામાં નહીં આવે તો એક પણ ડ્રાઈવર ગાડી નહીં ચલાવીએ. વડોદરા મહાનગર પાલિકાએ 10 પાસ ડ્રાઈવર નિર્ણય જે લીધો છે એ પાછો લેવો જોઈએ કારણ કે વડોદરામાં જ્યારે પૂર આવ્યું ત્યારે આ જ અભણ ડ્રાઈવરો કામમાં લાગ્યા હતા. આજે અમે અભણ છે પણ અમારી પાસે અનુભવ છે.

# બાબર પઠાણ સહિત 4 આરોપીના બ્લડ સેમ્પલ એસએસજીમાં લેવાયાં

**રાવપુરા** પોલીસના જાપ્તા સાથે આરોપીઓને લવાયાં



(પ્રતિનિધિ) વડોદરા તા.1

પૂર્વ કોર્પોરેટરના પુત્ર તપન હત્યા કેસના મુખ્ય આરોપી બાબર પઠાણ સહિતના ચાર આરોપીઓને મેડિકલ માટે સયાજી હોસ્પિટલમાં પોલીસ જાપ્તા સાથે લાવવામા આવ્યા હતા. પોલીસે કોર્ટમાં હુકમ આધારે બ્લડ સેમ્પલ લીધા બાદ પરત સેન્ટ્રલ જેલમાં રવાના કરાયા હતા.

વડોદરાના નાગરવાડા વિસ્તારમાં રહેતા ભાજપના પૂર્વ કોર્પોરેટરના પુત્રની પોલીસની હાજરીમાં સયાજી હોસ્પિટલ પરિસરમાં ચાકુના ઘા ઝિંકીને મોતને ઘાટ ઉતારવાની ઘટનામાં પોલીસની બેદરકારી સામે આવી હતી. આ હત્યા કરનારને કારેલીબાગ પોલીસ દ્વારા મુખ્ય આરોપી અને મુખ્ય સૂત્રધાર બાબર પઠાણ સહિત અન્ય આરોપીઓની ધરપકડ કરી હતી. કોર્ય દ્વારા તમામ આરોપીઓને સેન્ટ્રલ જેલમાં ધકેલી દેવામાં આવ્યાં હતા. આજે તમામ આરોપીઓ પૈકી મુખ્ય આરોપી બાબર પઠાણ સહિત વસીમ, શબનમ, સલમાન ઉર્ફે સોની મેડિકલ રિપોર્ટ તથા બ્લડ સેમ્પલ માટે પોલીસ જાપ્તા સાથે એસએસજી હોસ્પિટલમાં લાવવામાં આવ્યાં હતાં. સેમ્પ લીધા બાદ પર જેલમાં સોપી દેવામાં આવ્યા હતા. એસીપી એ વી કાટકડે જણાવ્યું હતું કે, સયાજી હોસ્પિટલમાં પૂર્વ કોર્પોરેટરના પુત્રની હત્યા કેસના ચાર આરોપીઓને લાવવામાં આવ્યાં હતાં. કોર્ટમાં હુકમ આધારે તેઓનાં બ્લડ સેમ્પલ માટે લાવવામાં આવ્યાં હતાં.

### 164 ગુનાઓ આચરી આતંક ફેલાવનાર મુખ્ય આરોપી હુસેન સુન્ની સહિત 9 આરોપીની ટોળકી સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી

# બિચ્છુ બાદ 'કાસમઆલા ગેંગ' વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધાયો

**મોડીસાંજે** આરોપીઓને તપાસ અર્થે કાસમઆલા લઈ જવા હતા

(પ્રતિનિધિ) વડોદરા તા.1

શહેરમાં અવારનવાર ખુનની કોશીશ, ખંડણી, લૂંટ, મારામારી,ચોરી, ધાકધમકી સહિત 164 ગુનાઓ આચરી આતંક ફેલાવનાર મુખ્ય આરોપી હુસેન સુન્ની સહિત 9 આરોપીની ટોળકી સામે ગુજસીટોક હેઠળ કાર્યવાહી ક્રાઈમ બ્રાન્ચ ગુનો નોંધવામાં આવ્યો છે. ટોળકીના લોકો ભેગા મળીને લોકો પાસેથી ખંડણી માગી રૂપિયા તથા મિલકતો પડાવતા હતા. હાલમાં આ ટોળકીના ત્રણ આરોપીઓ વિરુદ્ધ કારેલીબાગ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો છે. ત્યારે આ તમામ આરોપીઓની કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરાશે. બિચ્છુ બાદ વધુ કાસમઆલા ગેંગ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોધ્યો છે.

વડોદરમાં શહેરમાં માથાભારે તથા અસામાજિક કૃત્યોને અંજામ આપીને એક ગેંગ બનાવી લોકો પાસેથી ધમકી આપીને ખંડણી તથા રૂપિયા પડાવવાના ગુનામાં બિચ્છુગેંગે ઘણા ગુના આચર્યા છે. ત્યારે વધુ એક કાસમઆલા ગેંગ પણ આ રીતના ગુનો આચરી રહી છે. જેમાં શહેરના કાસમઆલા કબ્રસ્તાન ખાતે રહેતો મુખ્ય આરોપી હુસેન કાદરમીયા સુન્નીએ અન્ય આરોપીઓ સાથે મળીને "કાસમઆલા ગેંગ" નામની ગુના આચરતી ટોળકી ઓર્ગેનાઈઝ ક્રાઈમ સિન્ડકેટ બનાવી છેલ્લા 10 વર્ષમા ટોળકી સાથે મળીને વિસ્તારમાં લોકો પર ધાક ઉભી કરવા માટે પ્રાણઘાતક તથા અન્ય તીક્ષ્ણ હથિયારો વડે ખુનની કોશિશ, અપહરણ, ચોરી, લુંટ, ધાડ, રૂપિયા તથા મિલકત બળજબરીથી પડાવી લેવા , જાનથી મારી નાખવાની ધમકી આપવી તથા મારામારી કરી સહિતના ગંભીર પ્રકારના 164 ગુનાઓને અંજામ આપીને લોકોમાં ભયનો માહોલ ઉભો કર્યો છે. જેમાં તમામ આરોપીઓ વિરૂદ્ધ ગુજસીટોક Act-2015ની કલમ હેઠળ છેલ્લા 10 વર્ષમાં બે કે બેથી વધુ 72 ગુનાઓ દાખલ થયા છે. આવા ગુનાઓમાં પુરતા પુરાવાઓ મળતા તપાસના અંતે ચાર્જશીટ કરી કોર્ટમાં મોકલવામાં આવી છે અને 1 ડિસેમ્બર 2019થી પછી આ ટોળકી દ્વારા ગુનાહિત પ્રવૃતી સતત ચાલુ રાખી છે. જેથી એનેક્ષર-એ મુજબના -71 અને અન્ય 93 તથા એનેક્ષર-બીમાં મુકવામાં આવ્યાં છે તેમજ આરોપીઓ વિરૂધ્ધના પગલા લેવામાં આવ્યા હતા તેમ છતાં આ ટોળકીએ ગુના ચાલુ રાખ્યા હતા. હાલમાં કારેલીબાગ પોલીસ સ્ટેશન ટોળકીના ત્રણ સાગરીતો વિરુધ્ધ ફરિયાદ દાખલ થઈ છે. સતત આ પ્રકારના ગુના ચાલુ રાખનાર મુખ્ય આરોપી હુસેનમીયા કાદરમિયા સુન્ની સહીત 9 આરોપીઓ સામે ગુજસીટોક અન્વયે ડીસીબીમાં ક્રાઈમ બ્રાન્ચના પીઆ આર.જી.જાડેજાએ ફરિયાદ આપી ગુનો રજિસ્ટર કરાવ્યો છે. જ્યારે આ ગુનાની તપાસ ACP એચ.એ.રાઠોડ દ્વારા હાથ ધરાઈ છે. આજે તમામ આરોપીઓને કોર્ટમાં રજૂ કરીને રિમાન્ડ મેળવવાની તજવીજ કરાશે.

#### ગુજસીટોક હેઠળ ધરપકડ કરાયેલા આરોપીઓના નામ



| અન | આરોપીનુ નામ સરનામુ |
|---|---|
| ૧ | હુસેનમીયા કાદરમીયા સુન્ની રહે. કાસમઆલા કબ્રસ્તાન ઉ.વ. ૩૯ |
| ૨ | અકબર કાદરમીયા સુન્ની રહે. કાસમઆલા કબ્રસ્તાન ઉ.વ. ૩૨ |
| ૩ | શાહીદ ઉર્ફે ભુરીયો જાકીરભાઇ શેખ રહે. હુજરાત ટેકરા ઉ.વ. ૨૮ |
| ૪ | વસીમખાન યુસુફખાન પઠાણ રહે. કાસમઆલા કબ્રસ્તાન ઉ.વ.૩૮ |
| ૫ | સિકંદર કાદરમીયા સુન્ની રહે. કાસમઆલા કબ્રસ્તાન ઉ.વ. ૨૬ |
| ૬ | હસન ઉર્ફે ઝાંઝર કાદરમીયાં સુન્ની રહે.કાસમઆલાકબ્રસ્તાન ઉ.વ ૨૮ |
| ૭ | મોહમદઅલીમ સલીમખાન પઠાણ રહે. મન્સુરી કબ્રસ્તાન ઉ.વ. ૨૮ |
| ૮ | સુફીયાન સીકન્દર પઠાણ રહે. પાંજરીગર મહોલ્લો ઉ.વ. ૨૪ |
| ૯ | ગની ઉર્ફે એરટેલ ઉસ્માનમીયા શેખ રહે. હાથીખાના ઉ.વ. ૩૧ |

#### અસલમ બોડિયો ગુજસીટોક હેઠળ જેલમાં

પોલીસ દ્વારા બિચ્છુ ગેંગના મુખ્ય આરોપી અસમલ બોડિયા સહિતના ઘણા આરોપીઓની ગુજસીટોક હેઠળ ગુના નોંધાયો હતો. જેમાં બિચ્છુ ગેંગનો અસલમ બોડિયો હજુ પણ ગુજસીટોકના ગુનામાં સજા કાપતો હોવાનું પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યું છે.

#### સિકંદર સુન્નીની ધરપકડ કરાશે

સેન્ટ્રલ જેલમાં સજા કાપતો મુખ્ય આરોપી હુસેન સુન્નીનો ભાઈ સિકંદર કાદરમીયા સુન્ની (રહે. કાસમઆલા કબ્રસ્તાન બાળ રીમાન્ડ હોમની પાછળ કારેલીબાગ વડોદરા) ની ડીસીબી પોલીસ ટ્રાન્સફર વોરંટ દ્વારા ધરપકડ કરી આગળની કાર્યવાહી કરાશે.